# ગડકરી મામલે સંઘનું મૌન : અડવાણીનો ટેકો

નવી દિલ્હી, તા.૨૪

ભાજપ પ્રમુખ નીતિન ગડકરી તેમની કંપનીમાં શંકાસ્પદ ફંડીંગ અને નાણાંના સોર્સના મામલે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના પર આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલી રહ્યો છે ત્યારે ભાજપના વરિષ્ઠનેતા અડવાણીએ તેમને ખુલ્લો ટેકો આપ્યો છે. અડવાણીએ યુપીએ સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યુ છે કે સમગ્ર મામલામાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તે જરૂરી છે. ગડકરીએ પોતે આક્ષેપોને રદિયો આપ્યો છે અને કોઈ પણ પ્રકારની તપાસ કરવા સામે કોઈ વાંધો હોવાનો ઈન્કાર પણ કર્યો છે. એવો આક્ષેપ મિડિયા અહેવાલમાં કરાયો હતો કે પૂર્તી પાવર એન્ડ શુગર લિમિટેડ માટેના ફંડિંગના સોર્સ શંકાસ્પદ છે. મિડિયા તપાસમાં દાવો કરાયો હતો કે પૂર્તીને જંગી રોકાણ અને લોન કનસ્ટ્રક્શન કંપની દ્વારા આપવામાં આવી હતી. આઈડીયલ રોડ બિલ્ડર્સ ગ્રુપે આ લોન અને જંગી રોકાણ કરવા બદલ અનેક કોન્ટ્રાક્ટ મેળવ્યા હતા. ૧૯૯૫થી ૧૯૯૯ના ગાળા દરમિયાન આ ગ્રુપે ઘણા કોન્ટ્રાક્ટ મેળવ્યા હતા તે વેળા ગડકરી મહારાષ્ટ્રમાં પીડબલ્યુડી પ્રધાન હતા. ભાજપ પ્રમુખ નીતિન ગડકરી હાલમાં મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ભાજપમાં પણ નીતિન ગડકરીના મામલે મતભેદની સ્થિતિ દેખાઈ રહી છે. ભાજપના વરિષ્ઠનેતા એલકે અડવાણીએ આજે પક્ષપ્રમુખ નીતિન ગડકરીને ખુલ્લો ટેકો આપ્યો હતો અને કહ્યુ હતુ કે ગડકરી બિલકુલ સ્વચ્છ છે. અડવાણીએ કહ્યુ હતુ કે ગડકરી



દ્વારા સત્તાનો કોઈ પણ દુરુપયોગ કરવામાં આવ્યો નથી. તેમની સામે મુકવામાં આવેલા આક્ષેપોમાં તપાસ કરવા માટે કહીને ગડકરીએ પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. તેમણે એમ પણ કહ્યુ છે કે આ પ્રકારના આક્ષેપો થયા બાદ ગડકરી પોતે તપાસ માટે તૈયાર થઈ ગયા છે. કંપની બાબતોના વિભાગ દ્વારા તપાસ કરવા કહીને નીતિન ગડકરીએ તમામ મદદ કરવાની પણ ખાતરી આપી છે. તેમના પરિવારના બિઝનેસમાં મૂડીરોકાણના આક્ષેપો મિડિયામાં કરવામાં આવ્યા છે. તેમના બિઝનેસ મૂડીરોકાણમાં મોટાપાયે ગેરરીતિ થઈ હોવાની બાબત પણ સપાટી પર આવી ચૂકી છે. તેમણે ઉમેર્યુ છે કે ગડકરી સામેના આક્ષેપ બિઝનેસના ધારાધોરણ અંગેના છે. ભ્રષ્ટાચારના અથવા તો સત્તાના દુરુપયોગના કોઈ પણ આક્ષેપ કરવામાં આવ્યા નથી. અડવાણીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે ભાજપે સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ. ગડકરીને ટાર્ગેટ બનાવીને સરકાર દ્વારા ભ્રષ્ટાચારના મામલાઓને છુપાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અડવાણીએ આશા વ્યક્ત કરી હતી કે આ મામલામાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે. તપાસને રંગ આપવા માટે ભાજપ પ્રત્યે રાજકીય દુશ્મનાવટનો ઉપયોગ સરકાર દ્વારા કરવામાં આવશે નહીં. ગડકરી જેવા વિરોધપક્ષના નેતાઓ સામે સરકારના આક્ષેપો હવે નવા રહ્યા નથી. ભૂતકાળમાં પણ આવા આક્ષેપો થતા રહ્યા છે. તેમની કંપનીમાં શંકાસ્પદ ફંડીંગના આક્ષેપોમાં તપાસ કરવા પોતે જ અપીલ કરવા બદલ ગડકરીને અડવાણીએ અભિનંદન આપ્યા છે. યુપીએ સરકારમાં મોટાપાયે ભ્રષ્ટાચાર છે પરંતુ આવી રજુઆત કોઈ પણ નેતા દ્વારા કરવામાં આવી નથી.

## તિરૂપતિ મંદિરમાં શ્રદ્ધાળુએ ૫ કરોડનું જંગી દાન આપ્યું

તિરુપતિ, તા.૨૪

ઉત્તરપ્રદેશના એક ઉદ્યોગપતિએ વિશ્વપ્રસિદ્ધ ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં પાંચ કરોડનું દાન કર્યુ છે. નોઈડાના આ શ્રદ્ધાળુએ તિરૂપતિમાં વેંકટેશ્વરના મંદિરમાં જંગી દાન આપ્યુ છે. મંદિરના સૂત્રોએ આજે આ અંગેની માહિતી આપી હતી. ભગવાન વેંકટેશ્વર ઉત્તરભારતમાં ભગવાન બાલાજી તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉદ્યોગપતિએ ડિમાન્ડ ડ્રાફ્ટ તિરૂમાલા તિરૂપતિ દેવાસ્થાનમના ટોચના અધિકારીઓને આપીને આ વિધિ પૂરી કરી હતી. શ્રદ્ધાળુએ પોતાનું નામ જાહેર નહીં કરવાની પણ વિનંતી કરી છે. વારંવાર આ પ્રકારના દાન કરનાર શ્રદ્ધાળુઓ પણ ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં આવે છે. તિરૂપતિ મંદિરને વિશ્વના સૌથી મોટા મંદિરોમાં એક તરીકે ગણવામાં આવે છે. અહીં દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. મંદિરના અધિકારીઓએ હવે ખાસ પ્રકારની વ્યવસ્થા અહીં ઉભી કરી દીધી છે.

દરમ્યાન તિરૂપતિમાં વાર્ષિક નવરાત્રી બ્રહ્મઉત્સવની ગઈકાલે પૂર્ણાહૂતિ થઈ હતી. તિરૂમાલા નજીક આવેલા ભગવાન વેંકટેશ્વરના આ વિશ્વપ્રસિદ્ધ મંદિરમાં આ વખતે નવરાત્રીના મહોત્સવ દરમિયાન ૧૮ કરોડની રકમ એકત્રિક કરવામાં આવી છે. ખાસ પ્રવેશ દર્શન ટિકિટ અને લાડુના પ્રસાદનું અભૂતપૂર્વ વેચાણ થયુ હતુ. આ વેચાણ આશરે ત્રણ કરોડની આસપાસનું રહ્યુ છે. નવ દિવસ સુધી ચાલેલા આ ઉત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓને આપવામાં આવેલા ૧૦૦ ગેસ્ટ હાઉસ અને પાંચ હજાર રૂમને આવરી લઈને આવાસના કારણે એક કરોડની કમાણી થઈ છે. જાણવા મળેલી માહિતી મુજબ નવ દિવસ દરમિયાન અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓ અહીં પહોંચ્યા છે અને ભગવાનના દર્શન કર્યા છે. તિરૂપતિમાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## કેન્દ્રિય કેબિનેટમાં ૨૮મીએ મોટા ફેરફારનો તખ્તો તૈયાર

### મિનાક્ષી નટરાજન, દિપાદાસ મુનશી, અધિર ચૌધરી અને પ્રદિપ ભટ્ટાચાર્યના નામ પર ચર્ચા : કેટલાકને બઢતી મળશે

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રિય કેબિનેટમાં આગામી રવિવારના દિવસે એટલે કે ૨૮મી ઓક્ટોબરના દિવસે ધરખમ ફેરફાર કરવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી વચ્ચે વાતચીતના કેટલાક દોર યોજાઈ ચુક્યા છે. વાતચીતનો દોર પૂરો થઈ ચુક્યો છે.

ટોચના સભ્યો કેબિનેટમાં સ્થાન મેળવવા માટે જોરદાર લોબી ચલાવી રહ્યા હતા. એવી અટકળો ચાલી રહી છે કે તૃણમૂલ કોંગ્રેસની અને ડીએમકેની બાદબાકી થયા બાદ કોઈ પણ સમયે કેબિનેટમાં ફેરફાર કરવામાં આવશે. મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે જુદાજુદા વિષયોને લઈને ટેકો પાછો ખેંચી લીધો હતો જેમાં ડિઝલની કિંમતમાં ભાવવધારા, રિટેલમાં એફડીઆઈ તથા એલપીજી સિલીન્ડરોને મર્યાદિત કરવાના નિર્ણયનો સમાવેશ થાય છે. છેલ્લા બે વર્ષમાં એ રાજા અને દયાનિધી મારન નીકળી ચુકયા છે. મનમોહનસિંહ અને સોનિયા ગાંધી હાલમાં જ જુદીજુદી રીતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યા હતા. ત્યારથી જ કેબિનેટમાં ફેરફારને લઈને અટકળો તીવ્ર બની ગઈ હતી.

એવી અટકળો ચાલી રહી છે કે કેટલાક યુવા ચહેરાઓને પણ કેબિનેટમાં સ્થાન આપવામાં આવશે. કેબિનેટમાં સ્થાન મેળવવા માટે જે નામોની ચર્ચા છે તેમાં માણિતા ટાગોર અને મિનાક્ષી નટરાજનનો સમાવેશ થાય છે. જે યુવા પ્રધાનોને કેબિનેટમાં બઢતી મળી શકે છે અથવા તો સ્વતંત્ર હવાલો રાજ્યકક્ષાના પ્રધાન તરીકે મળી શકે છે તેમાં સચિન પાઈલોટ, જ્યોતિરાદિત્ય સિંધ્યા, જિતિન પ્રસાદનો સમાવેશ થાય છે.

તૃણમૂલ કોંગ્રેસના છ પ્રધાનો કેબિનેટમાંથી નીકળી ચૂકયા છે. કોંગ્રેસના વધુ સભ્યોને તક આપવામાં આવી શકે છે. બંગાળમાંથી પણ કેટલાક સભ્યોને તક આપવામાં આવનાર છે જેમાં દિપાદાસ મુનશી, અધિર ચૌધરી, પશ્ચિમ બંગાળ પીસીસીના વડા પ્રદિપ ભટ્ટાચાર્યનો સમાવેશ થાય છે.

છેલ્લા ઘણા દિવસથી મિટિંગોનો દોર ચાલી રહ્યો હતો. સાથી પક્ષો સાથે પણ વાતચીત ચાલી રહી હતી. જે સાથી પક્ષો સાથે વાતચીત થઈ છે તેમાં એનસીપીના નેતા શરદ પવારનો પણ સમાવેશ થાય છે.

## સમાચાર ઝલક

- દિલ્હીમાં કરાના માવઠાથી રાવણલીલાનાં પૂતળાં ધરાશાઇ થયા. ભીનાશથી રાવણદહનનો કાર્યક્રમ મુશ્કેલ.
- દેશભરમાં વિજયાદશમીની ઉમંગભેર ઉજવણી, નાગપુર સંઘની સ્થાપના દિનની વિશિષ્ટ ઉજવણી.
- મીની આઇપોડ બજારમાં મુકાયું.
- દિલ્હી અને દેશનાં મોટા શહેરમાં આતંકી હૂમલાની શંકા, એલર્ટ રહેવા તંત્રની કવાયત.
- કસાબની ફાંસીની સજા રદ્દ કરવાની માગણીની અરજી રાષ્ટ્રપતિ ભવનમાં મોકલાઇ.
- રૂપાલનાં ગ્રામજનોની જાગૃતતાથી ઘીનાં ભેળસેળયુક્ત ડબ્બા પકડાયા.
- મોંઘવારીની ઐતી તૈસી !!! દશેરાનાં તહેવાર પર કાર અને બાઇક ખરીદવા ભારે ભીડ.
- પાકિસ્તાનમાં વધુ એક યુવતીને તાલીબાનોની ધમકી.
- અમદાવાદની કોલેજમાં ચાલુ કલાસે છોકરાને એક છોકરી પર હૂમલો કર્યો.
- આરોગ્ય ખાતાની નિષ્ફળતા ? દેશભરમાં ડેન્ગ્યુના વધતાં કેસો.
- ૨૮મી ઓકટોબરે કેન્દ્રીય કેબીનેટમાં ફેરફારની સંભાવના.
- દર વર્ષે ૧ કરોડ ગેસ સીલીન્ડરની કાળા બજારી થાય છે : કેન્દ્રીય નાણામંત્રી
- ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચનું ડિસેમ્બરમાં આયોજન.
- કૌલસા કૌભાંડ અંગે અણ્ણા હજારે ફરીથી આંદોલનનું રણશિંગુ ફૂકશે.
- વડોદરાનાં મકરપુરામાં ૬ પોલીસ કર્મી ફરજમાં નિષ્કાળજીથી ફરજ મોકુફીમાં મુકાયા.
- પનામામાં રસ્તા પર જનસંગ્રામ.
- મથુરામાં રશિયન કૃષ્ણભક્ત લૂંટાયો.
- આજથી વધુ એક ગુજરાતી ચેનલનો પ્રારંભ

## સાયના નહેવાલ ફ્રેન્ચ ઓપન સુપર સિરિઝમાં હોટ ફેવરિટ

પેરિસ, તા.૨૪

ડેનમાર્ક ઓપનમાં પ્રથમ વખત જીત મેળવનાર ભારતની સ્ટાર ખેલાડી સાયના નહેવાલ ગુરુવારથી શરૂ થઈ રહેલી ફ્રેન્ચ ઓપન સુપર સિરિઝમાં હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. વર્ષમાં પાંચમી મહિલા સિંગલ્સ સ્પર્ધા જીતવા માટે સાયનાને હોટફેવરિટ ગણવામાં આવી રહી છે. લંડન ઓલિમ્પિકમાં કાસ્ય ચંદ્રક જીતનાર સાયનાએ બે મહિનાનો બ્રેક લીધો હતો અને ત્યારબાદ શાનદાર વાપસી કરીને ઓડેન્સેમાં ગયા સપ્તાહમાં સિંગલ્સ સ્પર્ધા જીતી હતી. હવે તેની નજર ફ્રેન્ચ ઓપનમાં ટોફી ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. વિશ્વની ચોથા ક્રમાંકની ભારતીય ખેલાડીને કેટલાક પડકારરૂપ સંજોગોનો સામનો કરવો પડશે. ચોથી ક્રમાંકિત ખેલાડી સાયના આ ટોફીમાં પ્રથમ ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરશે. કારણ કે ચીનની ત્રણ ટોચની ખેલાડી પૈકી એક પણ ખેલાડી આ મેદાનમાં ઉતરી રહી નથી. સાયના આનો લાભ ઉઠાવવા સંપૂર્ણપણે પ્રયાસ કરશે. સાયના નહેવાલ પોતાના અભિયાણની શરૂઆત પ્રથમ રાઉન્ડમાં ચીનની લિહોન સામે રમીને કરશે. ક્વાર્ટર ફાઈનલમાં સાયના નહેવાલને થાઈલેન્ડની સાતમી ક્રમાંકિત ખેલાડી રતચાનોક ઈનતાનોન સામે રમવું પડશે. સાયના નહેવાલ જો થાઈલેન્ડની આ ખેલાડીને હાર આપવામાં સફળ રહેશે તો સેમી ફાઈનલમાં જર્મનીની જુલિયન સેન્ક સામે રમવું પડશે. સાયના નહેવાલે હાલમાં જ ડેન્માર્ક ઓપનની ફાઈનલમાં જુલિયનને હાર આપી હતી. ટુર્નામેન્ટની બે અન્ય ટોચની ખેલાડી ચીનની બીજી ક્રમાંકિત ખેલાડી સીયાન વેગ અને ડેન્માર્કની ટાઈમ બ્રાઉન પણ મેદાનમાં છે. અલબત્ત આ બંને ખેલાડીઓને સાયનાએ હાલમાં સરળતાથી હાર આપી હતી. અન્ય ભારતીયોમાં સૌરભ વર્મા પુરુષ સિંગલ્સમાં પ્રથમ રાઉન્ડમાં ઈન્ડોનેશિયાના સોની ડુવી સામે મેદાનમાં ઉતરશે જ્યારે અજય જયરામ ક્વાલિફાયર રાઉન્ડમાં મેદાનમાં ઉતરશે. પુરુષ ડબલ્સમાં તરુણ કોના અને વરુણ વિષ્ણું પોતાના અભિયાનની શરૂઆત કોરિયાના કિજુંગ કિમ અને સા રાગની ચોથી ક્રમાંકિત જોડી સાથે મેદાનમાં ઉતરશે.

## ચાલુ બસ પર વિજળી કેબલ પડતાં ૧૨ બળીને ભડથું થયા

લખનૌ, તા. ૨૪

ઉત્તર પ્રદેશના ફતેપુર જિલ્લામાં બસ પર વીજ કેબલ પડતાં ૧૨ લોકો બળીને ભડથું થઈ જતા સનસનાટી મચી ગઈ હતી. આ બનાવમાં અન્ય ૩૨ લોકો ગંભીરરીતે દાઝી ગયા હતા જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. માર્યા ગયેલા લોકોની ઓળખ હજુ સુધી કરી શકાઈ નથી. પોલીસે આ મામલામાં તપાસ હાથ ધરી છે.

બપોર બાદ ફતેપુર જિલ્લામાંથી પસાર થઈ રહેલી બસ પર હાઈવોલ્ટેજ વીજલાઇનનો વાયર તૂટી પડતાં ૩૨ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. ખાનગી માલિકીની બસ જહાનાબાદથી ફતેપુર સદર તરફ જઇ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. જહાનાબાદ ડેપોમાંથી બસ ઉપડ્યા બાદ ગણતરીની મિનિટોમાં બસ પર વીજ વાયર તૂટી પડ્યો હતો. તે વખતે અંદાજે ૫૦ જેટલા મુસાફરો હતા. બસ અમરોલી થઈ ફતેપુર સદર પહોંચવાની હતી. બસ સ્ટેન્ડ ઉપરથી બસ ઉપડ્યા બાદ એક કિલોમીટરનું અંતર કાપ્યું નહીં હોય તે વખતે જ હાઈવોલ્ટેજનો વાયર બસ ઉપર તૂટી પડ્યો હતો. વીજ લાઇનનો કરંટ એટલો જબરદસ્ત હતો કે બસના ટાયર તાકિદે સળગી ગયા હતા. આ ઉપરાંત સ્ટીલની રીંગો પણ બળવા માંડી હતી. અને કરંટ ડાયરેકટ સ્ટીલની રીંગમાં આવતાં આખી ચેસીસમાં આગ ભડકી ઉઠી હતી. પ્રત્યક્ષ દર્શીઓની જણાવ્યા મુજબ અમુક મુસાફરો કૂદી જતાં તેઓનો બચાવ થવા પામ્યો હતો. કેબલ વાયર બસની છત ઉપર લાદવામાં આવેલા સામાન ઉપર પડ્યો હતો. બસમાં આગ ફાટી નીકળે તે પહેલાં ડ્રાયવર તથા અંદાજે ડઝન જેટલા મુસાફરો કૂદી પડતા તેમનો આબાદ બચાવ થયો હતો. જ્યારે બાકીના ૨૫ પેસેન્જરોને બચાવવાની કામગીરી હાથ ધરાઇ હતી. બસની તમામ બેઠકો લેધરની હોવાથી આગ ઝડપથી ફેલાઇ ગઇ હતી. મૃત્યુ પામેલા લોકોમાં અમુકનો મૃતદેહ તેમની સીટ ઉપર જ મળી આવ્યા હતા જ્યારે અમુકનો ડ્રાઈવરની સીટ નજીક મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં તાકીદે ફાયરબ્રિગેડ સહિતનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ગંભીર રીતે દાઝેલા ૩૨ લોકોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.

## ગંગાજળ (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

એક દિવસ તેમણે ઘરના સભ્યો સમક્ષ હરિદ્વાર જઇ છેલ્લું ગંગાસ્નાન કરવાનો વિચાર રજુ કર્યો, તરત તેમની ઇચ્છાને માન આપવામાં આવ્યું અને ઘરનાં સભ્યો સાથે શાંતાબા જીવનમાં પહેલી વખત અને કદાચ છેલ્લી વખત હરિદ્વાર પહોંચ્યાં. તેથી પુત્ર વિનય અને પુત્રવધુના ટેકે ગંગા સ્નાન કરી ભીની આંખે પ્રભુને પ્રાર્થના કરી.

ત્યાંથી તેમણે સ્વહસ્તે નાના કેરબામાં ગંગાજળ ભર્યું. તેમની ઇચ્છા હતી કે મારા હાથનું લાવેલ ગંગાજળ મને અંતિમ સમયે પીવડાવવામાં આવે. ભારે હૈયે સૌ ગામ પરત ફર્યાં.

સમય જઇ રહ્યો હતો. બહાર ચોગાનમાં ખૂરશી ઢાળી શાંતાબા બેસે અને જતાં આવતાંને હાથ જોડી પ્રણામ કરે.

એક દિવસની વાત છે તેમનાં ઘર આગળ સ્કૂટરનાં અકસ્માતમાં એક કૂતરૂં ઘાયલ થઇ ગયું હતું અને અંતિમ મરણ ચીસો નાંખી રડી પડ્યું હતું. થોડાંક લોકો ભેગા થઇ ગયાં. કૂતરાં ઉપર પાણી રેડયું પરંતુ કૂતરૂં તરફડતું હતું. અચાનક શાંતાબાની આંખોમાં થોડીક ચમક આવી. તેમણે પુત્રવધુને ત્યાં બેઠા બેઠા સાદ કર્યો કે "વહુ બેટા પેલું ગંગાજળ લાવજે." પુત્રવધુ સહેજ વિસ્મય પામી પણ તેણે શાંતાબાની આજ્ઞા પ્રમાણે કર્યું.

વિનય ત્યાં હાજર જ હતો. તે પણ નવાઇ પામ્યો કે બા શા માટે ગંગાજળ મંગાવે છે? પણ શાંતાબાએ જયારે કહ્યું કે "પેલા અંતિમ શ્વાસ લેતા કૂતરાંના મુખમાં ગંગાજળ નાખ" ત્યારે તો વિનય વિસ્મય પામ્યો. પણ બાની આજ્ઞાનું તરત તેણે પાલન કર્યું. કૂતરાના મૂખમાં ગંગાજળ રેડાયું અને તેણે અંતિમ તરફડીયું મારી અંતિમ શ્વાસ લીધો.

શાંતાબાના મનને ભારે હાશ થઇ હતી. તેમનું અંતર ખૂશ હતું. વિનય અને સૌ તેમની આ લાગણીને મનોમન વંદી રહ્યા. પણ બીજા દિવસથી જાણે કે ચમત્કાર શરૂ થયો. ધીરે ધીરે શાંતાબાનું દર્દ અને રોગમાં રાહત થવા લાગી. શરીરમાં જાણે કે શક્તિનો સંચાર થવા લાગ્યો. ધીરે ધીરે શાંતાબાના શરીરમાં નવો પ્રાણ ફૂકાતો હોય તેમ દેખાવા લાગ્યું, અને થોડાક મહિનામાં શાંતાબા હરતાં - ફરતાં થઇ ગયા, માથાનો દુ:ખાવો અને કેન્સર જેવો અસાધ્ય રોગ જાણે કે દૂર થઇ ગયો હતો. ડોકટર પર આ ચમત્કારી ઘટનાને સમજી શકતા ન હતા, પણ સત્ય તો સત્ય હતું તે સ્વીકારવું રહ્યું.

ખબર નહીં પણ શા કારણે આજે પણ શાંતાબા તદ્દન સ્વસ્થ છે અને નિરોગી કહી શકાય તેવું જીવન જીવી રહ્યાં છે. આજે લગભગ આ વાતને વીસ વર્ષનો સમય વીતી ચૂક્યો છે. અને શાંતાબા આજે આનંદપૂર્વક પરિવાર સાથે તેમનો એંશીમો જન્મદિવસ ઉજવી રહ્યાં છે.

## સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

ભગવાને કહ્યું, 'સારૂં' ને ગરીબ માતાએ બાળકોને પોતાનાં ખોળામાં, ખભા પર, માથા પર બધે બેસાડ્યાનું શરૂ કર્યું, જેમ જેમ બેસાડતી ગઇ વિરાટ - વિરાટ થતી ગઇ...અંતે બધાં જ બાળકો તેનામાં સમાઇ ગયાં એક પણ બાળક ન વધ્યું, ભગવાને પાર્વતીજી સામે અર્થસૂચક નજરે જોયું ને પાર્વતીજી પણ સમજી ગયા. બાળક એક હોય કે અનેક માની મમતાનો દરિયો કદિ સુકાતો જ નથી. તેના રૂંવે રૂંવે બાળકને પોષવાની - પાળવાની - મમતાની ગંગામાં નવરાવવાની અખૂટ ક્ષમતા રહેલી છે.

આજના આધુનિક યુગમાં સ્ત્રીઓ ઘરની ચાર દિવાલો મુકીને ચંદ્રને મંગળ સુધી પહોંચી છે પણ પેલી પીડાને પવિત્રતાના ગુણો હજીય તેના અંતસ્થળમાંથી સતત પ્રગટ્યાં કરે છે. પોતાના દીકરાને પોતાના હાથે રાંધીને ખવડાવવાનો રોમાંચ તો કદાચ સુનિયા વિલિયમ્સ પણ અનુભવતી હશે. 'મમ્મી તારા હાથની દાળ મને બહુ ભાવે!' આ વાક્યનો પદ્મ પુરસ્કાર પામવા બિમારીમાંય ઊઠીને બાળકો કે પતિ માટે રાધવાનો જુસ્સો પ્રેરી જાય છે. સામાન્ય રીતે દરેક સ્ત્રી જન્મે છે ત્યારથી માતાની મમતાના જીન્સ તેનામાં મૂળભૂતે હોય જ છે. પરંતુ કયારેક પોતે વર્કીંગ વુમન હોવાનાં ન્યાયે પોતાની જવાબદારીથી ભાગતી સ્ત્રીઓને જોઇને પ્રશ્ન થયા વગર ન રહે કે શું કોઇ જીનેટીકલ ખામીને કારણે આમ થતું હશે?

આદ્યશક્તિ ઉપાસનાના આ નવરાત્રિનાં પર્વમાં સ્ત્રી શક્તિને સલામી આપવાનો અવસર ઝડપી લઇએ. 'મા'નો આવિર્ભાવ દુનિયા પ્રત્યેક 'માતા' માં થાય તેવી ગરબાની પ્રત્યે તાળી અને ઠેક સાથે માને પ્રાર્થના કરીએ. જેથી ઘર ઘરમાં સ્ત્રી શક્તિની અખંડ જ્યોત જલતી રહે બાકી સ્ત્રી વગરનું ઘર તો મીરાંબાઇ વગરનાં મેવાડ જેવું ભાસે.

- તારી સખી

## જીએસટી : ચિદમ્બરમ અને મોદી વચ્ચે આજે બેઠક થશે

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રિય નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ આવતીકાલે જીએસટીના મામલે સુશીલ મોદીને મળશે. એમ્પાવર્ડ કમિટી ઓફ સ્ટેટ ફાઈનાન્સના ચેરમેન સુશીલ મોદી સાથેની બેઠક ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જીએસટીના અમલીકરણ સાથે સંબંધિત મુદ્દાઓ પર આ મિટિંગમાં ચર્ચા કરવામાં આવશે.

નાણાં મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ચિદમ્બરમ આવતીકાલે મોદીને મળશે. આ મિટિંગમાં જીએસટીને અમલી બનાવવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. ચિદમ્બરમે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ જીએસટીને અમલી બનાવવા સાથે સંબંધિત મુદ્દાઓ પર વિવાદને દૂર કરવામાં સફળ રહેશે. તેમણે કહ્યુ હતુ કે તેઓ સુશીલ મોદીને મળશે. સુશીલ મોદી સાથેની વાતચીત બાદ કમિટી સાથે મિટિંગ યોજવામાં આવશે. આ બંને મિટિંગો ખુબ



ઉપયોગી સાબિત થઈ શકશે. જીએસટીને મૂળભૂતરીતે એપ્રિલ ૨૦૧૦માં અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ અનેક વખત મહેતલ પાળી શકાઈ નથી.

જીએસટી નેટવર્ક સાથે સંબંધિત મુદ્દા અને વધુ સેન્ટ્રલ સેલ્સ ટેકસનો મામલો જીએસટીના અમલીકરણ આડે અડચણરૂપ છે. જીએસટી કેન્દ્ર અને રાજ્યના સ્તરે મોટાભાગના પરોક્ષ કરવેરાની જગ્યા લેશે. રાજ્યો પણ નવી વ્યવસ્થાને લઈને કેટલીક ગૂંચવણો ધરાવે છે. સાથે સાથે જીએસટી વ્યવસ્થામાંથી કેટલીક ચીજવસ્તુઓને દૂર કરવાની યોજના ધરાવે છે. સીએસટી કેન્દ્ર દ્વારા એકત્રિત કરવામાં આવે છે. એપ્રિલ ૨૦૦૭માં કેન્દ્ર અને રાજ્ય સરકાર સીએસટીને તબક્કાવાર રીતે દૂર કરવા તૈયાર થઈ હતી. એ વેળા કેટલીક શરતો નક્કી કરાઈ હતી જે પૈકી કેન્દ્ર સરકાર પહેલાથી જ ૨૦૧૦-૨૦૧૧ સુધી રાજ્યોને નુકસાનનું વળતર આપી ચુકી છે. જીએસટીના અમલીકરણમાં વિલંબ બદલ રાજ્યોને વળતર ન મળતા રાજ્યોએ એવી દલીલ કરી છે કે જ્યારે સીએસટીને દૂર કરવાનો નિર્ણય કરાયો હતો ત્યારે આવી શરત મૂકવામાં આવી નથી.

## કેન્દ્ર સરકાર પાસેથી વધુ વિજળીની જયાની માંગ

ચેન્નઈ, તા.૨૪

તમિલનાડુમાં વિજળીની તંગીનો સામનો કરી રહેલા તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ આજે વધુ વિજળીની માંગ કરી હતી. વડાપ્રધાન મનમોહનસિંહને લખવામાં આવેલા પત્રમાં જયલલિતાએ આ મુજબની માંગ કરી છે. પત્રની એક નકલ આજે મિડિયામાં જારી કરી દેવામાં આવી છે. જયલલિતાનું કહેવું છે કે દિલ્હી સરકાર જુદીજુદી કેન્દ્રિય જનરેટીંગ સ્ટેશનોમાંથી વિજળી લઈને નુકશાન પહોંચાડે છે. જયલલિતાએ કહ્યુ છે કે તમિલનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરે કેન્દ્રિય મંત્રાલય સમક્ષ આ અંગેની રજુઆત કરી છે અને વિજળી ઉપલબ્ધ કરાવવા માટે પ્રાથમિકતાના આધાર પર જરૂરી કોરિડોર ઉપલબ્ધ બનાવવા કહ્યુ છે. માંગની સરખામણીમાં ખુબજ ઓછા પ્રમાણમાં વિજળી મળી રહી છે. જેથી લોકો પરેશાન થયેલા છે.